NHS

**પ્રતિ: [સરનામું]**

**તમારો NHS નંબર: [NHS નંબર]**
પ્રિય [નામ]

## કોવિડ-19ની સારવાર અંગે મહત્વની માહિતી

તમને અગાઉ એનએચએસ ઇંગ્લેન્ડ તરફથી એક પત્ર અથવા ઇમેઇલ મળ્યો હોઈ શકે છે, અથવા તમારા હોસ્પિટલના નિષ્ણાત અથવા જીપીએ સમજાવ્યું હશે કે જો તમને કોવિડ થાય અને જો જરૂરી હોય તો સારવાર કેવી રીતે મેળવવી તે અંગે તમે સારવાર માટે યોગ્ય હોઈ શકો છો.

અમે ફરીથી લખી રહ્યા છીએ કારણ કે મંગળવાર 27 જૂન 2023 થી તમે જે રીતે સારવારની સુગમતા સાધો છો તે બદલાઈ જશે.

### જો તમને મંગળવાર 27 જૂન 2023 થી કોવિડ થાય:

- હકારાત્મક કે પોઝિટિવ કોવિડ પરીક્ષણના પરિણામની જાણ કર્યા પછી સારવાર વિશે એનએચએસ દ્વારા હવે તમને આપમેળે સંપર્ક કરવામાં આવશે નહીં.

- **સારવારની સુલભતા માટે આ પસંદગીનો અને ઝડપી માર્ગ છે:**
  તમારે એક કરવી જોઈએ **ઓનલાઇન સ્વયં- રિફરલ્લ** એલાયન્સ ફોર બેટર કેર કોવિડ એન્ટિ-વાયરલ મેડિસિન વેબસાઇટ પર: https://allianceforbettercare.org/nmabs/.

  કૃપા કરી ખાતરી કરો કે તમારી પાસે તમને સૂચવેલી દવાઓની છેલ્લામાં છેલ્લી સંપૂર્ણ યાદી (હોસ્પિટલની દવાઓ સહિત) હાથવગી છે.

- જો તમે ઓનલાઇન સેલ્ફ-રિફરલ્લ કે સ્વયં સંદર્ભની સુગમતા સાધવામાં અસમર્થ હો, તો પણ તમે તમારી જીપી પ્રેક્ટિસ, NHS 111 નો સંપર્ક કરી શકો છો જેથી તેઓ તમને સારવાર માટેની આકારણી માટે સંદર્ભિત કરવાનું વિચારી શકે.

### અમે તમને આ પત્ર શા માટે મોકલી રહ્યા છીએ?

તમારા તબીબી રેકોર્ડ્સ હાલમાં બતાવે છે કે તમારી આરોગ્યની સ્થિતિ હોઈ શકે કે જેનો અર્થ એ છે કે જો તમને કોવિડ થાય તો સારવારો તમારા માટે યોગ્ય હોઈ શકે છે.

આ સારવારથી તમે કોવિડથી ગંભીર રીતે બીમાર થવાની સંભાવનાને ઘટાડી શકો અને તમારામાં લક્ષણો દેખાવાનું શરૂ થયા પછી ઝડપથી આપવાની જરૂર છે.

તમને અગાઉ કહેવામાં આવ્યું હશે કે એકવાર તમે પોઝિટિવ કોવિડ પરીક્ષણની જાણ કરો ત્યારે NHS સારવાર વિશે તમારો સંપર્ક કરશે. હવે 27 જૂનથી આવો કેસ કે કિસ્સો નહિ થાય.

## 1. તમારે ઘરે લેટરલ ફ્લો ટેસ્ટસ રાખવા જોઈએ

જો તમને લક્ષણો હોય તો ઉપયોગ કરવા માટે તમારે લેટરલ ફ્લો પરીક્ષણો ઘરે રાખવા જોઈએ. તમે આને વિના મૂલ્યે ઓર્ડર કરી શકો છો https://www.gov.uk/order-coronavirus-rapid-lateral-flow-tests અથવા 119 પર કોલ કરીને.

**1 ઓક્ટોબર 2023 થી, તમારા પરીક્ષણોની સુગમતા સાધવાની રીત બદલાઈ શકે છે**. વધારે માહિતી મળી રહેશે www.nhs.uk/CoronavirusTreatments.

તમે હવે ફાર્મસિ અથવા દુકાનમાંથી ખરીદેલા પરીક્ષણોનો ઉપયોગ પણ કરી શકો છો.

## 2. જો તમને કોવિડના લક્ષણો હોય તો તમારે પરીક્ષણ કરાવવું જોઈએ

જો તમને કોવિડના લક્ષણો હોય તો તમારે તરત જ પરીક્ષણ કરવું જોઈએ, પછી ભલેને તમારા લક્ષણો હળવા હોય.

જો તમારો ટેસ્ટ નેગેટિવ હોય પરંતુ તમને તેના લક્ષણો ચાલુ જ હોય, તો તમારે આગામી બે દિવસમાંના દરેક દિવસે બીજો ટેસ્ટ કરવો જાઈએ (ત્રણ દિવસમાં કુલ ત્રણ ટેસ્ટ).

જ્યાં શક્ય હોય ત્યાં તમારે તમારા ટેસ્ટના પરિણામની જાણ કરવી જોઈએ https://www.gov.uk/report-covid19-result અથવા 119 પર કોલ કરીને, તમારા NHS નંબર અને પોસ્ટકોડનો ઉપયોગ કરીને (આ પત્રની ટોચ પર). આ સુનિશ્ચિત કરશે કે રિફરલ અને આકારણીને ટેકો આપવા માટે, તમારા પરીક્ષણનું પરિણામ NHS જોઈ શકે છે.

**તમે ફાર્મસિ અથવા દુકાનમાંથી ખરીદેલી ટેસ્ટના પરિણામની જાણ કરી શકશો નહિ** gov.uk વેબસાઇટ દ્વારા પરંતુ આ સારવાર માટેની આકારણીની તમારી સુગમતાને અસર કરશે નહિ.

## 3. જો તમારો ટેસ્ટ પોઝિટિવ આવે તો તરત જ NHS નો સંપર્ક કરો

27 જૂનથી, જો તમારો ટેસ્ટ પોઝિટિવ આવે તો, તમારે **તરત ઓનલાઇન સેલ્ફ -રિફરલ કરો, સંપર્ક કરો તમારી જીપી પ્રેક્ટિસ અથવા NHS 111** જેથી કરીને તેઓ તમને સારવાર માટેની આકારણી માટે સંદર્ભિત કરવાનું વિચારી શકે.

NHS

વધારે માહિતી મળી રહે છે: www.nhs.uk/CoronavirusTreatments

તમારો પ્રામાણિકપણે,

---

## સુલભતા

જો તમને સુગમતાવાળો PDF, મોટા છાપેલા અક્ષરોમાં, સરળ વાંચન અથવા અંધલિપિ જેવા જુદા ફોર્મેટમાં માહિતીની જરૂર હોય તો, કૃપા કરીને સંપર્ક કરો:

- ઇમેઇલ: sxicb.involvement@nhs.net
- કોલ: 01273 485300

અમે તમારી વિનંતી પર વિચાર કરીશું અને શક્ય હોય તેટલા વહેલા તમને જણાવીશું.

NHS એ તમારી માહિતીનો કેવી રીતે ઉપયોગ કર્યો છે તેના પર વધારે માહિતી:
www.digital.nhs.uk/coronavirus/treatments/transparency-notice